શ્રી માનતુંગાચાર્ય-વિરચિત

# શ્રી ભક્તામર સ્તોત્ર

(ગુજરાતી પદ્યાનુવાદ સહિત)


શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર

(આધ્યાત્મિક સાધના કેન્દ્ર)

કોબા-૩૮૨ ૦૦૯ (જિ. ગાંધીનગર)

ॐ

શ્રી માનતુંગાચાર્ય-વિરચિત

# શ્રી ભક્તામર સ્તોત્ર

(ગુજરાતી પદ્યાનુવાદ સહિત)

પદ્યાનુવાદક

શ્રી માવજી દામજી શાહ

પ્રકાશક

શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર

મુખ્ય મથક : આધ્યાત્મિક સાધના કેન્દ્ર

મુ. પો. કોબા-૩૮૨ ૦૦૯ (જિ. ગાંધીનગર)

**પ્રકાશક**

ચંદુલાલ છોટાલાલ મહેતા, પ્રમુખ
શ્રી સત્શ્રુત–સેવા–સાધના કેન્દ્ર
સ્થળ : આધ્યાત્મિક સાધના કેન્દ્ર
મુ. પો. કોબા – ૩૮૨ ૦૦૯ (જિ. ગાંધીનગર)

ચતુર્થ સંસ્કરણ : પ્રત ૩૩૦૦
વીરનિર્વાણ સં. ૨૫૧૧, સને ૧૯૮૫
**શ્રી મહાવીર – જ્ઞાનકલ્યાણક દિન**

**મૂલ્ય** : રૂા. ૧–૫૦

**મુદ્રક**

માધવલાલ બી. ચૌધરી
રાજીવ પ્રિન્ટર્સ
સી-૧/૩૦૮ જી. આઈ. ડી. સી.
વિઠ્ઠલઉદ્યોગનગર – ૩૮૮ ૧૨૧

# પ્રકાશકીય

શ્રી સત્શ્રુત–સેવા–સાધના કેન્દ્રના પ્રથમ પ્રકાશનની આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમોને અત્યંત આનંદ થાય છે.

અમોએ સંસ્થા–સંસ્થાપનની આદિમાં આદિ જિનેન્દ્ર તીર્થંકર ભગવાન આદિનાથનું શ્રી માનતુંગાચાર્ય રચિત આ ભકિતપરક અત્યંત ભાવપૂર્ણ સંસ્તવન પ્રકાશિત કરેલ. સ્તોત્રના આરંભમાં 'ભક્તામર' (અર્થાત્ ભક્ત દેવો) શબ્દ આવેલ હોવાથી આ સ્તોત્રનું 'ભકતામર સ્તોત્ર' એવું નામ પડયું છે.

આ સ્તોત્રના અનેકાનેક પદ્યાનુવાદ હિન્દી, ગુજરાતી, મરાઠી તથા ઉર્દૂ ભાષામાં પ્રગટ થયેલ છે. અંગ્રેજી તથા જર્મન ભાષામાં પણ અનુવાદ પ્રકાશિત થયો છે. સ્તોત્ર ઉપર શ્રી મુનિ નાગચંદ્રજી વગેરે વિદ્વાનોએ સંસ્કૃત ટીકા અને વૃત્તિઓ પણ લખી છે.

સમાજના વાતાવરણમાં પ્રાય: પ્રતિદિન આ સ્તોત્રનો પાઠ કરવાની પદ્ધતિ છે. હજારો આત્માર્થીજનોને આ સ્તોત્ર મુખપાઠે છે. સમય–સમય પર સેંકડો સ્થળોએથી આની લાખો પ્રતો પ્રગટ થઈ ચૂકી છે. આ ઉપરથી પણ સ્તોત્રની મહત્તા અને લોકપ્રિયતા મુમુક્ષુઓને ધ્યાનમાં આવશે.

ત્રીજી આવૃત્તિ પ્રમાણે શ્રી માવજી દામજી શાહકૃત ગુજરાની પદ્યાનુવાદ સાથે મૂળ સંસ્કૃત સ્તોત્ર પણ આપેલ છે, જેથી તત્ત્વવિવેકસહિત ભવસમુદ્રતારિણી જિનભાક્તનો લાભ મુમુક્ષુજનો લેશે એવી ભાવના છે.

નિવેદક : પ્રકાશન સમિતિ,
શ્રી સત્શ્રુત–સેવા–સાધના કેન્દ્ર

## સંસ્થાનાં અન્ય સર્વોપયોગી પ્રકાશનો

| | | |
|---|---|---|
| (૧) | સાધના–સોપાન | મૂલ્ય ૪–૦૦ |
| (૨) | 'તેનો તું બોધ પામ' | મૂલ્ય ૧–૦૦ |
| (૩) | ચારિત્ર્ય–સુવાસ | મૂલ્ય ૩–૦૦ |
| (૪) | સાધક–સાથી ભા. ૧–૨ | મૂલ્ય ૧૦–૦૦ |
| (૫) | અધ્યાત્મજ્ઞાન પ્રવેશિકા | મૂલ્ય ૧–૦૦ |
| (૬) | અધ્યાત્મને પંથે | મૂલ્ય ૪–૦૦ |
| (૭) | તત્ત્વસાર (મૂળ પ્રાકૃત, સંસ્કૃત–હિન્દી ટીકા તથા ગુજરાતી અર્થ સહિત) | મૂલ્ય ૧૨–૦૦ |
| (૮) | ભક્તિમાર્ગની આરાધના | મૂલ્ય ૧૦–૦૦ |
| (૯) | ધ્યાન : એક પરિશીલન | મૂલ્ય ૧૦–૦૦ |
| (૧૦) | શાંતિપથ-દર્શન (ગુજરાતી અનુવાદ) પ્રથમ ખંડ | મૂલ્ય ૧૦–૦૦ |
| (11) | Guidelines to Mahavir Darshan | 5–00 |
| (૧૨) | બારસ અણુવેક્ખા | ૨–૦૦ |

## પ્રાપ્તિસ્થાન

(૧) આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા – ૩૮૨ ૦૦૯ (જિ. ગાંધીનગર)

(૨) શ્રી હરિલાલ શાહ, મંત્રી
શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર
ગુજરાત ટ્યૂબ એન્ડ સેનિટરી સ્ટોર્સ,
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ–૩૮૦૦૦૧

# શ્રી ભક્તામર-સ્તોત્ર

□

ॐ

# श्री भक्तामरस्तोत्रम्

(वसंततिलका)

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा–
मुद्योतकं दलितपापतमोवितानम् ।
सम्यक्प्रणम्य जिनपादयुगं युगादा–
वालम्बनं भवजले पततां जनानाम् ॥१॥

यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा–
दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः ।
स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥२॥

बुद्ध्या विनाऽपि विबुधार्चितपादपीठ !
स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहं ।
बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब–
मन्यः कः इच्छति जनः सहसा ग्रहीतुम् ॥३॥

# શ્રી ભક્તામર-સ્તોત્ર

(મંદાક્રાંતા)

દીપાવે જે મુગટમણિના તેજને દેવતાના,
સંહારે જે અઘતિમિરને માનવોના સદાના;
જે છે ટેકારૂપ ભવમહીં ડૂબતા પ્રાણીઓને,
એવા આદિ જિનચરણને વંદીને રૂડી રીતે—૧

જેની બુદ્ધિ અતિશય બની શાસ્ત્રનું તત્ત્વ જાણી,
તે ઇંદ્રોએ સ્તુતિ પ્રભુ તણી રે કરી ભાવ આણી;
ત્રિલોકીના જનમન હરે સ્તોત્ર માંહે અધીશ,
તે શ્રી આદિ જિનવરતણી હું સ્તુતિને કરીશ. ૨
(યુગ્મમ્)

દેવો સર્વે મળી કરે પૂજના આપ કેરી,
મૂકી લજ્જા મતિહીન છતાં, ભક્તિ મારી અનેરી;
જોઈ ઇચ્છે ગ્રહણ કરવા પાણીમાં ચંદ્રને જે,
નિશ્ચે એવી હઠ નહિ કરે બાળ વિના સહેજે. ૩

वक्तुं गुणान् गुणसमुद्र ! शशाङ्ककान्तान्
कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्धया ।
कल्पान्तकालपवनोद्धतनक्रचक्रं
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ॥४॥

सोऽहं तथाऽपि तव भक्तिवशान्मुनीश !
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।
प्रीत्यात्मवीर्यमविचार्य मृगी मृगेन्द्रं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥५॥

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम
त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चाम्रचारुकलिकानिकरैकहेतुः ॥६॥

त्वत्संस्तवेन भवसंततिसन्निबद्धं
पापं क्षणात्क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रांतलोकमलिनीलमशेषमाशु
सूर्यांशु भिन्नमिव शार्वरमंधकारम् ॥७॥

मत्वेति नाथ ! तव संस्तवनं मयेद-
मारभ्यते तनुधियाऽपि तव प्रभावात् ।
चेतो हरिष्यति सतां नलिनीदलेषु
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥८॥

સદ્‌ગુણોથી ભરપૂર તમે, ચંદ્રવત્ શોભનારા,
દેવોના યે ગુરુ નવ શકે, ગુણ ગાઈ તમારા;
જે સિંધુમાં પ્રલય સમયે ઊછળે પ્રાણીઓ રે,
તેને ક્યારે પણ તરી શકે કોણ રે બાહુ જોરે? ૪

એવો હું છું ગરીબજન તો યે પ્રભુભક્તિ કાજે,
શક્તિ જોકે મુજમહિ નથી ગુણ ગાઈશ આજે;
શક્તિ જોકે નિજમહિ નથી, તો ય શું મૃગલીએ,
રક્ષા માટે શિશુ તણી નથી, સિંહ સામે જતી એ? ૫

જો કે હું છું મતિહીન ખરે, લાગું છું પંડિતોને,
તોયે ભક્તિવશ થકી પ્રભુ! હું સ્તવું છું તમોને;
કોકિલાઓ ટુહુ ટુહુ કરે ચૈત્રમાંહીં જ કેમ?
માનું આવે પ્રતિદિન અહા, આમ્રનો મોર જેમ. ૬

જન્મોનાં જે બહુ બહુ કર્યાં પાપ તે દૂર થાય,
ભક્તો કેરી પ્રભુગુણમહીં ચિત્તવૃત્તિ ગૂંથાય;
વીંટાયું જે તિમિર સઘળું રાત્રિએ વિશ્વમાંય,
નાસે છે રે! સૂરજ ઊગતાં સત્વરે તે સદાય. ૭

એવું માની સ્તવન કરવાનો થયો આજ ભાવ,
તેમાં માનું મનમહિ ખરે આપનો છે પ્રભાવ;
મોતી જેવું કમળ પરનું વારિબિંદુ જ જે છે,
એવી સ્તુતિ મનહર અહા! સજ્જનોને ગમે છે. ૮

आस्तां तव स्तवनमस्तसमस्तदोषं
त्वत्सङ्कथाऽपि जगतां दुरतानि हंति ।
दूरे सहस्रकिरण: कुरुते प्रभैव
पद्माकरेषु जलजानि विकासभाञ्जि ॥९॥

नात्यद्भुतं भुवन-भूषण ! भूतनाथ !
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्त: ।
तुल्या भवंति भवतो ननु तेन किं वा,
भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥१०॥

दृष्ट्वा भवंतमनिमेषविलोकनीयं,
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।
पीत्वा पय: शशिकरद्युतिदुग्धसिंधो:
क्षारं जलं जलनिधेरशितुं क: इच्छेत् ॥११॥

यैः शांतरागरुचिभि: परमाणुभिस्त्वं
निर्मापितस्त्रिभुवनैकललामभूत !
तावंत एव खलु तेऽप्यणव: पृथिव्यां
यत्ते समानमपरं न हि रूपमस्ति ॥१२॥

वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि
नि:शेषनिर्जितजगत्त्रितयोपमानम् ।
बिम्बं कलङ्कमलिनं क्व निशाकरस्य
यद्वासरे भवति पाण्डुपलाशकल्पं ॥१३॥

દૂરે રાખો સ્તવન કરવાં આપનાં એકધારાં,
પાપો નાસે જગજન તણાં નામ માત્રે તમારાં;
જો કે દૂરે રવિ રહીં અને કિરણોને પ્રસારે,
તોયે ખીલે કમળદળ તે કિરણોથી વધારે. ૯

એમાં કાંઈ નથી નવીનતા, નાથ ! દેવાધિદેવ !
ભક્તો સર્વે પદ પ્રભુતણું પામતા નિત્યમેવ;
લોકો સેવે કદી ધનિકને તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદ તણી આપ જેવા જ થાય. ૧૦

જોવા જેવા જગમહિ કદી હોય તો આપ એક,
બીજા સર્વે સકળ પ્રભુથી ઊતરે છે જ છેક;
પીધું હોયે ઊજળું દૂધ જો ચંદ્ર જેવું મજાનું,
ખારાં ખારાં ઉદધિજળને કો પીએ કેમ માનું ? ૧૧

જે જે ઊંચા અણુ જગતમાં ઠામ ઠામે પડયા છે,
તે તે સર્વે ગ્રહીં ગ્રહીં અહા ! આપમાંહી જડ્યા છે;
આ પૃથ્વીમાં પરમ અણુઓ તેટલા માત્ર દીસે,
તે હેતુથી પ્રભુ તુજ સમું રૂપ ના અન્ય કો છે. ૧૨

જેણે જીતી ત્રિભુવનતણી ઉપમા સર્વ રીતે,
દેવોના જે જગગણતણા ચિત્તને ખેંચતી તે;
થાતો ઝાંખો શશ પણ પ્રભુ ! આપના મુખ પાસે,
મેલા જેવો દિનમહીં અને છેક પીળો જ દીસે. ૧૩

संपूर्णमण्डलशशाङ्ककलाकलाप–
शुभ्रा गुणास्त्रिभुवनं तव लंघयंति ।
ये संश्रितास्त्रिजगदीश्वरनाथमेकं
कस्तान्निवारयति संचरतो यथेष्टम् ॥१४॥

चित्रं किमत्र यदि ते त्रिदशांगनाभि–
र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।
कल्पान्तकालमरुता चलिताचलेन
किं मन्दराद्रि-शिखरं चलितं कदाचित् ॥१५॥

निर्धूमवर्तिरपवर्जिततैलपूरः
कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानां
दीपोऽपरस्त्वमसि नाथ! जगत्प्रकाशः ॥१६॥

नास्तं कदाचिदुपयासि न राहुगम्यः
स्पष्टीकरोषि सहसा युगपज्जगंति ।
नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र! लोके ॥१७॥

नित्योदयं दलितमोहमहान्धकारं
गम्यं न राहुवदनस्य न वारिदानाम् ।
विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥१८॥

વ્યાપ્યા ગુણો ત્રિભુવન મહીં હે પ્રભુ! શુભ્ર એવા,
શોભે સર્વે સકળ કળના પૂર્ણિમા ચંદ્ર જેવા;
તારા જેવા જિનવરતણા આશરે તે રહે છે,
સ્વેચ્છાથી તો અહીં તહીં જતાં કોણ રોકી શકે છે. ૧૪

ઇંદ્રાણીઓ ચલિત કરવા આદરે જે પ્રકારો,
તોયે થાતા કદી નહિ અહા આપને રે વિકારો;
ડોલે જો કે સકળ મહીધરો કલ્પના વાયરાથી,
ડોલે તોયે કદી નવ અહા, મેરુ એ વાયરાથી. ૧૫

ક્યારે હોતાં કદી નથી અહા ધૂમ્ર કે વાટ જેમાં,
એકી સાથે ત્રિભુવન દીપે એ ખૂબી છે જ તેમાં;
ના ઓલાયે કદી પવનથી હો કદીયે નમેરો,
એવો કોઈ અજબ પ્રભુજી, દીવડો આપ કેરો. ૧૬

જેને રાહુ કદી નવ ગ્રસે અસ્ત થાતો નથી જે,
આપે સૌને પ્રભુરૂપ રવિ તેજ લોકો મહીં જે;
જેની કાંતિ કદી નવ હણે વાદળાંઓ સમીપે,
એવો કોઈ અભિનવ રવિ આપનો નાથ દીપે. ૧૭

શોભે રૂડું મુખ પ્રભુતણું મોહ જેનાથી થાકે,
જેને રાહુ પણ નવ ગ્રસે વાદળાંઓ ન ઢાંકે;
શોભે એવો મુખશશિ અહા, હે પ્રભુ! આપ કેરો,
જે દીપાવે જગત સઘળું, ચંદ્ર જાણે અનેરો. ૧૮

किं शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा
युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ !
निष्पन्नशालिवनशालिनि जीवलोके
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ॥१९॥

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजः स्फुरन्मणिषु याति यथा महत्वं
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥२०॥

मन्ये वरं हरिहरादय एव दृष्टा
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥२१॥

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ॥२२॥

त्वामामनन्ति मुनयः परमं पुमांस—
मादित्यवर्णममलं तमसः परस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पंथा ॥२३॥

અંધારાને પ્રભુમુખરૂપી ચંદ્રમા જો નસાડે,
રાત્રે ચાંદો દિનમહિ રવિ માનવા તો જ આડે;
જે ક્યારામાં શુભ રીત વડે શાલિ પાકી અતિશે,
તેમાં ક્યારે પણ નવ અહા! મેઘનું કામ દીસે. ૧૯

જેવું ઊંચું પ્રભુમહિ રહ્યું જ્ઞાન ગાંભીર્યવાળું,
બીજા દેવો મહીં નવ દીસે જ્ઞાન એવું રૂપાળું;
જેવી કાંતિ મણિમહીં અહા! તેજના પુંજ માપી,
તેવી કાંતિ કદી નવ દીસે કાચની રે! કદાપિ. ૨૦

જોયા દેવો પ્રભુજી સઘળા તે થયું ઠીક માનું,
જોયા તેથી તુજમહીં અહા ચિત્ત તો સ્થિર થાતું;
જોયા તેથી મુજ મનમહીં ભાવના એ કરે છે,
બીજો કોઈ તુજ વિણ નહીં ચિત્ત મારું હરે છે. ૨૧

સ્ત્રીઓ આજે જગતભરમાં સેંકડો જન્મ આપે,
તારા જેવા અનુપમ નહીં પુત્રને જન્મ આપે;
નક્ષત્રોને વિધવિધ દિશા ધારતી રે અનેક,
કિંતુ ધારે રવિ કિરણને પૂર્વ દિશા જ એક. ૨૨

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
તેજસ્વી છો રવિસમ અને દૂર અજ્ઞાનથીયે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કદી બીજો માનજો માર્ગ આથી. ૨૩

त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यं
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति संत: ॥२४॥

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्
त्वं शंकरोऽसि भुवनत्रयशङ्करत्वात् ।
धाताऽसि धीर शिवमार्गविधेर्विधानाद्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥२५॥

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ !
तुभ्यं नम: क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगत: परमेश्वराय
तुभ्यं नमो जिनभवोदधिशोषणाय ॥२६॥

को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै–
स्त्वं संश्रितो निरवकाशतया मुनीश!
दोषैरुपात्तविविधाश्रयजातगर्वै:
स्वप्नांतरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥२७॥

उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख–
माभाति रूपममलं भवतो नितान्तम् ।
स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥२८॥

સંતો માને પ્રભુજી તમને આદિ ને અવ્યયી તો.
બ્રહ્મા જેવા અનવધિ પ્રભુ ! કામકેતુ સમા છો;
યોગીઓના પણ પ્રભુ ! બહુ એકરૂપે રહ્યા છો,
જ્ઞાનીરૂપે વળી વિમળતા પૂર્ણ તત્ત્વે ભર્યા છો. ૨૪

દેવે પૂજ્યા વિમળ મતિથી, છો ખરા બુદ્ધ આપ,
ત્રિલોકીને સુખ દીધું તમે, તો મહાદેવ આપ;
મુક્તિ કેરી વિધિ કરી તમે છો વિધાતા જ આપ,
ખુલ્લું છે એ પ્રભુજી ! સઘળા ગુણથી કૃષ્ણ આપ. ૨૫

થાઓ મારાં નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારાં નમન તમને ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને આપ દેવાધિદેવ,
થાઓ મારાં નમન તમને સંસૃતિ કાળ જેવા. ૨૬

સર્વે ઊંચા ગુણ પ્રભુ અહો ! આપમાંહી સમાયા,
તેમાં કાંઈ નથી નવીનતા ધારીને છત્રછાયા;
દોષો સર્વે અહીં તહીં ફરે, દૂર ને દૂર જાય,
જોયા દોષે કદી નવ પ્રભુ, આપને સ્વપ્નમાંય. ૨૭

ઊંચા એવા તરુવર અશોકે પ્રભુ અંગ શોભે,
જાણે આજે રવિરૂપ ખરું દીપતું છેક મોભે;
અંધારાને દૂર કરી રહ્યું સૂર્યનું બિંબ હોય,
નિશ્ચે પાસે ફરી ફરી વળ્યાં વાદળાં રૂપ તોય. ૨૮

सिंहासने मणिमयूखशिखाविचित्रे
विभ्राजते तव वपुः कनकावदातं ।
बिम्बं वियद्विलसदंशुलतावितानं
तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥२९॥

कुन्दावदातचलचामरचारुशोभं
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥३०॥

छत्रत्रयं तव विभाति शशाङ्ककांत-
मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्धशोभं
प्रख्यापयत्त्रिजगतः परमेश्वरत्वम् ॥३१॥

गंभीरताररवपूरितदिग्विभाग-
स्त्रैलोक्यलोकशुभ सङ्गमभूतिदक्षः ।
सद्धर्मराजजयघोषणघोषकः सन्
खे दुन्दुभिर्ध्वनति ते यशसः प्रवादी ॥३२॥

मंदारसुन्दरनमेरुसुपारिजात-
संतानकादिकुसुमोत्करवृष्टिरुद्धा ।
गंधोदबिन्दुशुभमन्दमरुत्प्रपाता
दिव्या दिवः पतति ते वचसां ततिर्वा ॥३३॥

રત્નો કેરાં કિરણ સમૂહે ચિત્રવિચિત્ર છાજે,
એવા સિંહાસન પર પ્રભુ ! આપનો દેહ રાજે;
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,
ઊંચા ઊંચા ઉદયગિરિના શિખરે તેમ માનું. ૨૯

શોભે રૂડું શરીર પ્રભુજી, સ્વર્ણ જેવું મજાનું,
વીંઝે જેને વિબુધ જનતા, ચામરો એમ માનું;
દીસે છે જે વિમળ ઝરણું, ચંદ્ર જેવું જ હોય,
મેરુ કેરા શિખર સરખું, સ્વર્ણરૂપે ન હોય ? ૩૦

શોભે છત્રો પ્રભુ ઉપર તો ઊજળાં ચંદ્ર જેવાં,
થંભાવે તે રવિ–કિરણનાં તેજને દેવદેવા;
મોતીઓથી મનહર દીસે છત્રશોભા અનેરી,
દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપ કેરી. ૩૧

પૂર્યા ભાગો સકળ દિશના ઉચ્ચ ગંભીર શબ્દે,
આ આદર્શો ત્રિજગ જનને સૌખ્યસંપત્તિ આપે;
કીધા જેણે બહુ જ વિજયો રાજ સદ્ધર્મના ત્યાં,
એ દુંદુભિ યશનભમહીં ઘોષણાથી જ ગાજે. ૩૨

મંદારાદિ સુરતરુતણા, પુષ્પ સુપારિજાત,
વૃષ્ટિ તેની પ્રભુ પર થતાં, દિવ્ય ધારા થતી જે;
એ ધારામાં શીતળ જળનો વાયુ સુગંધી આપે,
જાણે લાગે જિનવચનની રમ્ય માળા પડે છે. ૩૩

शुम्भत्प्रभावलयभूरिविभा विभोस्ते
लोकत्रये द्युतिमतां द्युतिमाक्षिपन्ती ।
प्रोद्यद्दिवाकरनिरंतरभूरिसंख्या
दीप्त्या जयत्यपि निशामपि सोमसौम्यां ॥३४॥

स्वर्गापवर्गगममार्गविमार्गणेष्टः
सद्धर्मतत्त्वकथनैकपटुस्त्रिलोक्याः ।
दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व-
भाषास्वभावपरिणामगुणैः प्रयोज्यः ॥३५॥

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकांती,
पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥३६॥

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !
धर्मोपदेशनविधौ न तथा परस्य ।
यादृक्प्रभा दिनकृतः प्रहतान्धकारा
तादृक् कुतो ग्रहगणस्य विकासिनोऽपि ॥३७॥

श्च्योतन्मदाविलविलोलकपोलमूल—
मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।
ऐरावताभमिभमुद्धतमापतन्तं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानां ॥३८॥

કાંતિ તારી અતિ સુખ ભરી, તેજવાળી વિશેષે,
ઝાંખા પાડે ત્રણ જગતના દ્રવ્યનાં તેજને યે;
જો કે ભાસે રવિસમૂહની ઉગ્રતાથી ય ઉગ્ર,
તો યે લાગે શીતળ બહુ એ, ચંદ્રની ઠંડીથી ય. ૩૪

પદ્ગીદાતા કુશળ અતિશે, મોક્ષ ને સ્વર્ગ બંને,
સાચો ધર્મી ત્રિજગભરમાં, શુદ્ધ તત્ત્વે પ્રવીણ;
એવો તારો વિશદ ધ્વનિ ભાવાર્થ ગૂઢે ભરેલો,
ભાષા ગુણે સકળ પરિણામે સ્વભાવે રહેલો. ૩૫

સોના જેવાં નવીન કમળો રૂપ શોભા ધરી છે,
એવી જેના નખસમૂહની કાંતિ શોભી રહી છે;
જ્યાં જ્યાં વિશ્વે પ્રભુજી ! પગલાં આપ કેરા ઠરે છે,
ત્યાં ત્યાં દેવો કમળદળની સ્થાપનાને કરે છે. ૩૬

દીસે એવી પ્રભુજી વિભૂતિ આપ કેરા ખજાને,
દેતાં જ્યારે જગતભરમાં ધર્મની દેશનાને;
જેવી કાંતિ તિમિર હરતી સૂર્ય કેરી દીસે છે,
તેવી ક્યાંની ગ્રહગણતણી કાંતિ વાસો વસે છે ? ૩૭

જે કોપ્યો છે ભ્રમરગણના ગૂંજવાથી અતિશે,
જેનું માથું મદઝરણથી છેક ભીનું જ દીસે;
એવો ગાંડો ગજપતિ કદી આવતો હોય સામે,
તોયે કાંઈ ભય નવ રહે, હે પ્રભુ ! આપ નામે. ૩૮

भिन्नेभकुंभगलदुज्ज्वलशोणिताक्त—
मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥३९॥

कल्पांतकालपवनोद्धतवह्निकल्पं
दावानलं ज्वलितमुज्ज्वलमुत्स्फुलिङ्गम् ।
विश्वं जिघत्सुमिव सम्मुखमापतन्तं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥४०॥

रक्तेक्षणं समदकोकिलकंठनीलं
क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।
आक्रामति क्रमयुगेन निरस्तशङ्क—
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥४१॥

वल्गत्तुरङ्गगजगर्जितभीमनाद—
माजौ बलं बलवतामपि भूपतीनां ।
उद्यद्दिवाकरमयूखशिखापविद्धं
त्वत्कीर्त्तनात्तम इवाशु भिदामुपैति ॥४२॥

कुन्ताग्रभिन्नगजशोणितवारिवाह—
वेगावतारतरणातुरयोधभीमे ।
युद्धे जयं विजितदुर्जयजेयपक्षा—
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभंते ॥४३॥

જે હાથીનાં શિરમહીં રહ્યાં રક્તથી યુક્ત છે ને,
મોતીઓથી વિભૂષિત કર્યા ભૂમિના ભાગ જેણે;
એવો સામે મૃગપતિ કદી આવતો જો રહે છે,
ના'વે પાસે શરણ પ્રભુજી ! આપનું જે ગ્રહે છે. ૩૯

કલ્પો કેરા સમય પરના વાયરાથી અતિશે,
ઊડે જેમાં વિવિધ તણખા અગ્નિકેરા ય મિષે;
એવો અગ્નિ સમીપ કદીએ આવતો હોય પોતે,
તારા નામ–સ્મરણ–જળથી થાય છે શાંત તો તે. ૪૦

કાળો કાળો અતિશય બની, લાલ આંખો કરેલી,
ક્રોધે પૂરો બહુવિધ વળી, ઊછળે ફેણ જેની;
એવો મોટો મણિધર કદી આવતો હોય સામે,
નિશ્ચે થંભે તુરત અહીં તે હે પ્રભુ ! આપ નામે. ૪૧

અશ્વો કૂદે ગજગણ કરે ભીમનાદો અતિશે,
એવી સેના સમરભૂમિમાં રાજતી જીતમિશે;
ભેદાયે તે તુરત પ્રભુજી ! આપના કીર્તનોથી,
જાણે નાસે તિમિર સઘળાં, સૂર્યના કિરણોથી. ૪૨

ભોંકાતા જ્યાં કરિ શરીરમાં લોહીધારા વહે છે,
તેમાં મ્હાલી અહીં તહીં અહા, સૈનિકો તો રહે છે;
એ સંગ્રામે નવ રહી કદી જીત કેરી નિશાની,
લીધું જેણે શરણ તુજ તો હાર હોયે જ શાની ? ૪૩

अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र–
पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ ।
रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्रा–
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजंति ॥४४॥
उद्भूतभीषणजलोदरभारभुग्नाः
शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः ।
त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहा
मर्त्या भवंति मकरध्वजतुल्यरूपाः ॥४५॥
आपादकंठमुरुशृङ्खलवेष्टिताङ्गा
गाढं बृहन्निगडकोटिनिघृष्टजङ्घाः ।
त्वन्नाममंत्रमनिशं मनुजाः स्मरंतः
सद्यः स्वयं विगतबंधभया भवंति ॥४६॥
मत्तद्विपेन्द्रमृगराजदवानलाहि–
संग्रामवारिधिमहोदर बंधनोत्थं ।
तस्याशु नाशमुपयाति भयं भियेव
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥४७॥
स्तोत्रस्रजं तव जिनेन्द्र गुणैर्निबद्धां
भक्त्या मया रुचिर वर्णविचित्रपुष्पां ।
धत्ते जनो य इह कंठगतामजस्रम्
तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः ॥४८॥

इति श्रीमानतुंगाचार्यविरचितमादिनाथस्तोत्रं समाप्तम्

જ્યાં ત્યાં કૂદાકૂદ કરી રહ્યા નક્રચક્રો ફરે છે,
જેમાં મોજાં અહીં તહીં બહુ જોરથી ઊછળે છે;
એવા અબ્ધિમહીં કદી અહા! યાત્રિકો જો ફસાય,
સંભારે જો પ્રભુજી! તમને, ભીતિ તો દૂર થાય. ૪૪

અંગો જેનાં અતિશય વળ્યાં, પેટના વ્યાધિએથી,
જેણે છોડી જીવન જીવવા, સર્વથા આશ તેથી;
એવા પ્રાણી શરણુ પ્રભુજી! આપનું જો ધરે છે,
તેઓ નિશ્ચે જગતભરમાં દેવરૂપે ફરે છે. ૪૫

જે કેદીના પગમહીં અરે! બેડીઓ તો પડી છે,
માથાથી તે જકડી લઈને જાંઘ સુધી જડી છે;
એવા કેદી મનુજ પ્રભુજી! આપને જો સ્મરે છે,
સર્વે બંધો ઝટપટ છૂટી, છૂટથી તે ફરે છે. ૪૬

ગાંડા હાથી, સિંહ, દવ અને સર્વ યુદ્ધે થયેલી,
અબ્ધિ કેરી ઉદર-દરદે બંધને કે બનેલી,
એવી ભીતિ ઝટપટ બહુ તેમની તો હરે છે,
જેઓ તારું સ્તવન પ્રભુજી પ્રેમથી રે કરે છે. ૪૭

જેને ગૂંથી ગુણગણરૂપે વર્ણફૂલે રમૂજી,
એવી માળા વિવિધ વિધિએ આપની હે પ્રભુજી!
તેને જેઓ નિશદિન અહા! કંઠમાંહે ધરે છે,
તેઓ લક્ષ્મી સુખથી જગમાં માનતુંગી વરે છે. ૪૮

# મહાકવિ શ્રી માનતુંગાચાર્ય

પોતાની અંતરંગ શ્રેષ્ઠ ભક્તિ અને ચમત્કારિક કવિત્વ દ્વારા શ્રીઋષભદેવ ભગવાનના અદ્ભુત સ્તોત્રની—શ્રી ભક્તામરસ્તોત્રની—રચના કરનાર શ્રી માનતુંગાચાર્ય સાતમી શતાબ્દીના એક મહાન સત્પુરુષ થઈ ગયા.

**જીવન પરિચય**: આચાર્યશ્રીના જીવન સંબંધી અપૂર્ણ અને વિવાદાસ્પદ માહિતી ઉપલબ્ધ થાય છે.* તેમના જન્મસ્થળ, કુળ કે ગુરુપરંપરા વિષે પણ પ્રમાણપૂર્વકની નક્કર હકીકતનો અભાવ વર્તે છે. માત્ર તેઓ રાજા હર્ષ કે રાજા ભોજના સમયમાં થયા હોવા જોઈએ એવી વિદ્વાનોની માન્યતા છે. ડૉ. કીથ તથા પં. શ્રી ગૌરિશંકર ઓઝા વગેરે ઈતિહાસવેત્તાઓએ પોતાના સંશોધન દ્વારા તેમને હર્ષકાલીન માન્યા છે. સમ્રાટ હર્ષનો રાજ્યકાળ ઈ. સ. ૬૦૬ થી ૬૪૭ છે, તેથી આચાર્યશ્રી પણ સાતમી શતાબ્દીમાં વિદ્યમાન હતા અને પ્રસિદ્ધ સંસ્કૃત મહાકવિ બાણના સમકાલીન હતા.

તેમના જમાનામાં પરમાત્માની સ્તુતિ દ્વારા ચમત્કારો બતાવવાની એક પ્રકારની પ્રણાલિકા સર્વત્ર પ્રવર્તતી હતી. જૈનગુરુઓ પાસે આવી વિદ્યા છે કે કેમ

* 'પ્રભાવકચરિત'માં જણાવ્યા પ્રમાણે તેઓ બનારસનાં વિદ્વાન શ્રેષ્ઠી ધનદેવના પુત્ર હતા અને તેમની માતાનું નામ ધનશ્રી હતું.

એવો પ્રશ્ન ઊઠતાં તેના સમાધાન માટે આચાર્યશ્રીને આહ્વાન સ્વીકારવું પડેલું. જો કે તેઓનું સ્પષ્ટ વિધાન હતું કે મારા પ્રભુ તો વીતરાગી છે તેથી સ્તુતિ-નિંદાનું પરમાર્થથી તેને કાંઈ પ્રયોજન નથી, પરંતુ પ્રભુના આશ્રિત દેવતાઓની સ્તુતિથી લૌકિક ચમત્કાર બની શકે. લોકકથા અનુસાર આચાર્યશ્રીને લોખંડની બેડીના બંધનમાં મૂકવામાં આવ્યા. તેઓએ પરમાત્માની સ્તુતિરૂપે જે પ્રસિદ્ધ સ્તોત્રની રચના કરી તેના પ્રભાવથી તેમની બેડીઓ તૂટી ગઈ અને જિનશાસનનો જયજયકાર થયો અને પરમાત્માની સાચી ભક્તિથી આત્મવિશુદ્ધિની સાથે લૌકિક રિદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ પણ થાય છે એવો સિદ્ધાંત પ્રયોગરૂપે સિદ્ધ થયો. યથા—

(દોહરો)

તુમ પદપંકજ પૂજતેં, વિઘ્ન રોગ ટર જાય;
શત્રુ મિત્રતાકો ધરેં, વિષ નિરવિષતા થાય.

આચાર્યશ્રીની સૌથી પ્રસિદ્ધ રચના ભક્તામરસ્તોત્ર છે. પ્રાકૃતમાં લખાયેલું ભયહરસ્તોત્ર પણ તેમની કૃતિ માનવામાં આવે છે. ભક્તામરસ્તોત્રમાં ૪૮ શ્લોક દ્વારા ભગવાન ઋષભદેવની સ્તુતિ કરવામાં આવી છે. સંસ્કૃત ભાષા, કાવ્યચમત્કાર, અલંકાર વગેરે દૃષ્ટિઓથી જોતાં એ એક ઐતિહાસિક સ્તુતિકાવ્ય છે. બધાય શ્લોક એક-માત્ર વસંતતિલકા છંદમાં લખાયા છે. કલ્યાણમંદિરસ્તોત્ર સાથે આ સ્તોત્રનું

ઘણું સામ્ય છે. સમસ્ત જૈન સમાજમાં આ સ્તોત્રનો ખૂબ જ મહિમા છે અને હજારો ભક્તજનો દરરોજ તેનો પાઠ કરે છે. તેના પર અનેક ટીકાટિપ્પણ થયેલાં છે અને તેનો અનુવાદ હિંદી, ગુજરાતી, મરાઠી વગેરે અનેક ભાષાઓમાં થયેલો છે.

આવી ભાવપ્રેરક, પ્રભુગુણવાચક શ્રેષ્ઠ કૃતિના રચયિતા ભક્તપ્રવર આચાર્યશ્રીનાં ચરણકમળોમાં નમસ્કાર કરી, તેમનાં એક-બે પદ્યનું આસ્વાદન ગુજરાતીમાં કરીએ :

'જે જેને ભજે તે તેના જેવો થાય' એ ન્યાયને પ્રતિપાદિત કરતું એવું એક, અને 'પરમાત્મપદને પામવાનો શ્રેષ્ઠ ઉપાય પરમાત્માને જાણીને, માનીને તેમને ભજવા એ જ છે' એવા સિદ્ધાંતને રજૂ કરતું બીજું—એમ બે પદો નીચે પ્રમાણે છે :–

( મંદાક્રાંતા )

**એમાં કાંઈ નથી નવીનતા નાથ ! દેવાધિદેવ !**
**ભક્તો સર્વે પદ પ્રભુતણું પામતા નિત્યમેવ;**
**લોકો સેવે કદી ધનિકને તો ધની જેમ થાય,**
**સેવા થાતાં પ્રભુપદ તણી આપ જેવા જ થાય. ૧૦**
**મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,**
**તેજસ્વી છો રવિ સમ અને દૂર અજ્ઞાનથીયે;**
**સારી રીતે અમર બનતા આપને પામવાથી,**
**મુક્તિ માટે નવ કદી બીજો માનજો માર્ગ આથી ૨૩**

( 'ભક્તિમાર્ગની આરાધના'માંથી )

# પરમાત્મ-આરતી

ૐ જય જય અવિકારી, સ્વામી જય જય અવિકારી,
હિતકારી ભયહારી (૨) શાશ્વત સ્વવિહારી. ૐ જય જય૦
કામ ક્રોધ મદ લોભ ન માયા
સમરસ સુખધારી સ્વામી સમરસ સુખધારી
ધ્યાન તુમ્હારા પાવન (૨)
સકલ ક્લેશહારી...ૐ જય જય૦ ૧

હે સ્વભાવમય જિન તુમિ ચીના
ભવસંતતિ ટારી સ્વામી ભવસંતતિ ટારી
તુમ ભૂલત ભવ ભટકત (૨)
સહત વિપત ભારી...ૐ જય જય૦ ૨

પર સંબંધ બંધ દુઃખ કારણ,
કરત અહિત ભારી, સ્વામી કરત અહિત ભારી
પરમ બ્રહ્મકા દર્શન (૨)
ચહુંગતિ દુઃખહારી...ૐ જય જય૦ ૩

જ્ઞાનમૂર્તિ હે સત્ય સનાતન
મુનિમન સંચારી સ્વામી મુનિમન સંચારી
નિર્વિકલ્પ શિવનાયક (૨)
શુચિગુણ ભંડારી ..ૐ જય જય૦ ૪

બસો બસો હે સહજ જ્ઞાનઘન
સહજ શાંતિચારી સ્વામી સહજ શાંતિચારી
ટલેં ટલેં સબ પાતક (૨)
પરબલ બલધારી...ૐ જય જય૦ ૫

(પૂ. શ્રી સહજાનંદજી વર્ણીવિરચિત)